# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-03-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી દ્વારા આવતીકાલે વિકાસકામોની ભેટ અપાશે :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એક દિવસ રાજ્યના પ્રવાસે આવશે. શ્રી મોદી નવરચિત વાવ-થરાદ જિલ્લામાંથી અંદાજે 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે. આ મુલાકાતમાં કચ્છ જિલ્લા માટે અનેક મહત્વના પ્રકલ્પોની જાહેરાત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ખાવડા ખાતે નિર્માણાધીન વિશ્વના સૌથી મોટા હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક માટે ઊર્જા મંત્રાલય હેઠળના રૂપિયા 3,645 કરોડના 3 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે, જે રાષ્ટ્રીય ગ્રીડ સાથે જોડાણ સુનિશ્ચિત કરશે. માર્ગ પરિવહન ક્ષેત્રે કચ્છના ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શનનું ખાતમુહૂર્ત કરાશે, જે પ્રવાસન અને કનેક્ટિવિટી માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ઉપરાંત, રેલવે મંત્રાલય હેઠળ ગાંધીધામ-આદિપુર વચ્ચે ક્વૉડ્રપલિંગ પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી રેલવેની ક્ષમતા વધશે, ભીડ ઘટશે અને મુસાફર તથા માલવાહક ટ્રેનોની અવરજવર વધુ ઝડપી અને કાર્યક્ષમ બનશે

રાજ્ય સ્તરે, શહેરી વિકાસ હેઠળ રૂપિયા 5,200 કરોડના કામો અને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ 38,949 પરિવારોને નવા આવાસનો ગૃહપ્રવેશ કરાવાશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

---

## DPA ની કાર્ગો હેન્ડલીંગમાં સિધ્ધિ:

દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો ૧૫૮.૬૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગનો લક્ષ્યાંક સમય પૂર્વે જ હાંસલ કરી નવો ઇતિહાસ રચ્યો છે.

ચેરમેન સુશીલ કુમાર સિંહના કુશળ નેતૃત્વ અને 'યુઝર-ડ્રિવન' અભિગમને કારણે પોર્ટે વૈશ્વિક સ્તરે પોતાની ક્ષમતા સાબિત કરી છે.

આધુનિક જેટીઓ, ઊંડા ડ્રેજિંગ અને નવી ટેકનોલોજીના ઉપયોગથી પોર્ટની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. 'સાગરમાલા' પ્રોજેક્ટ અને ગ્રીન હાઇડ્રોજન હબ તરીકે ઉભરી રહેલું આ પોર્ટ ભારતની બ્લુ ઈકોનોમીને નવી ઊંચાઈએ લઈ જશે. ટીમ ડીપીએની આ સફળતાને શિપિંગ ક્ષેત્રે ભારે આવકાર મળી રહ્યો છે.

---

## કચ્છ મ્યુઝિયમમાં કાર્યક્રમ:

સ્થાનિક કળા અને સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવા કચ્છ મ્યુઝિયમ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનમંત્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ' અભિયાન હેઠળ ૫૦ પ્રવાસીઓને કચ્છની માટીના કળશ ભેટ અપાયા હતા. ક્યુરેટર ડૉ. મહેન્દ્રસિંહ સુરેલાએ જણાવ્યું કે, આ પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય મુલાકાતીઓને પ્રાચીન કલા-સંસ્કૃતિથી વાકેફ કરી સ્થાનિક કારીગરોને મદદરૂપ થવાનો છે.

---

## વાગડમાં વિકાસ કામો:

વાગડ વિસ્તારનું પછાતપણું દૂર કરવાના સંકલ્પ સાથે ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા દ્વારા કુલ રૂ. ૩૦.૭૫ કરોડના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા મંજૂર કરાયેલા આ કાર્યોમાં પ્રાગપર-કીડિયાનગર રોડ, ભીમાસર રોડ અને ડાભુંડા-ટીંડલવા રોડના રિસરફેસિંગ સહિત ફતેહગઢ, શિવગઢ અને ગેડી કન્યાશાળાના ઓરડાઓના નિર્માણનો સમાવેશ થાય છે.

કાનપર ખાતે આયોજિત સમારોહમાં જિલ્લા પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ધારાસભ્યના સક્રિય પ્રયાસોથી નર્મદાના નીર હવે વાગડના છેવાડાના ગામો સુધી પહોંચ્યા છે.

---

## PNG ગેસ નેટવર્ક પ્રાધાન્ય:

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પાઈપ્ડ નેચરલ ગેસ નેટવર્કને પ્રાધાન્ય આપવા માટે કચ્છ જિલ્લાના તમામ લાભાર્થીઓને મહત્વની સૂચના આપવામાં આવી છે. ભારત સરકારની નવી અધિસૂચના અનુસાર, જે પરિવારો કે સંસ્થાઓ પાસે PNG કનેક્શન છે, તેઓ ઘરેલું LPG સિલિન્ડર રાખી શકશે નહીં કે રિફિલ કરાવી શકશે નહીં. જિલ્લા પુરવઠા અધિકારીએ અપીલ કરી છે કે બંને કનેક્શન ધરાવતા લોકોએ તાત્કાલિક પોતાનું LPG કનેક્શન અને સિલિન્ડર જે-તે ગેસ એજન્સીમાં જમા કરાવવું પડશે. જો નિયમનું ઉલ્લંઘન થશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નવા PNG કનેક્શન માટે નાગરિકો ગુજરાત ગેસની વેબસાઈટ, મોબાઈલ એપ અથવા ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૩ ૬૦૦૦ પર સંપર્ક કરી શકે છે.

---

## ઉમરેઠ બેઠકની પેટા ચુંટણી:

ગુજરાત વિધાનસભાની ઉમરેઠ બેઠકની પેટા ચૂંટણી માટે આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં ઉમેદવારી પત્રો ભરવાની શરુઆત થઈ છે. ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ 6 એપ્રિલ છે, બીજા દિવસે તેની ચકાસણી થશે, નવમી સુધી ઉમેદવારી પાછી ખેચાતા ચિત્ર સ્પષ્ટ થશે. મતદાન 23 મી એપ્રિલે થશે.

---

## અબડાસા વિસ્તારમાં વરસાદ:

પશ્ચિમી વિક્ષોભની અસર હેઠળ કચ્છના વાતાવરણમાં અચાનક પલટો આવતા કચ્છમાં આજે કમોસમી વરસાદ નોંધાયો છે. અબડાસાના નલિયા સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડતા બજારોમાં પાણી વહી નીકળ્યા હતા. માવઠાને કારણે જીરું, એરંડા અને રવિ પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

હવામાન વિભાગે હજુ પણ આગામી ગુરુવાર અને શુક્રવારે પવન અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

---

## શ્યામજી કૃષ્ણવર્માને અંજલિ:

કચ્છના સપૂત અને મહાન ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની આજે96મી પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર જિલ્લામાં ગૌરવભેર અંજલિ આપવામાં આવી હતી. આ અવસરે ભુજ અને માંડવી ખાતે આવેલી તેમની પ્રતિમાઓને હારારોપણ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

---